# અમદાવાદથી વૉશિંગ્ટન ડી.સી. સુધી

૨૫ મે, ૨૦૧૭ની સાંજે અમે હવાઈ માર્ગે અમદાવાદથી મુંબઈ જવા નીકળ્યાં. ઘરેથી ઉબર ટૅક્સીમાં બેસી સમયસર દેશી હવાઈ મથક પર પહોંચી ગયાં. દિલીપભાઈ અને રીટા પણ આવી ગયાં હતાં. અમારી પાસે સામાન બહુ જ મર્યાદિત હતો. દરેક પાસે એક નાની બૅગ (કૅબિન લગેજ તરીકે પણ ચાલી શકે તેવી) અને એક થેલો કે બૅગ-પૅક. ૪૨ દિવસના લાંબા પ્રવાસ માટે આટલો સામાન ઘણો ઓછો કહેવાય, પણ અમેરિકામાં સામાન ઊંચકી ફરવાનું ઘણું હતું અને હવાઈ સફરો પણ ઘણી હતી એટલે આટલા જ સામાનમાં મન મનાવવાનું હતું!

અમદાવાદથી મુંબઈની દેશી હવાઈ સફર (Domestic flight) સામાન્ય સફર જેવી જ રહી. મેં રિલાયન્સ ગ્રુપની નોકરીને કારણે દર અઠવાડિયે અમદાવાદથી મુંબઈની દેશી હવાઈ સફર બે વર્ષ સુધી અવિરત કરી છે (૧૦૨ અઠવાડિયાં) એટલે મારા માટે તેમાં કોઈ નવીનતા નથી રહી. અમે ચારેય ઘણાં આનંદમાં હતાં અને ભાતભાતનાં રંગીન સપનાંઓમાં ખોવાયેલાં હતાં, પણ આ નાની હવાઈ સફરમાં કંઈ પણ નવીન ન બન્યું! મુંબઈ ઊતરી સામાન સહેલાઈથી મળી ગયો. અમે ખુશ થતાં થતાં આંતરરાષ્ટ્રીય હવાઈ મથક જવા ઉતાવળાં થવા લાગ્યાં.

અમને સૌને એવો જ ખ્યાલ હતો કે દેશી હવાઈ મથક પરથી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર જવા બસસેવાઓ મળે છે, પરંતુ અમારે સૌએ આઘાત સાથે સ્વીકારવું પડ્યું કે એવી કોઈ બસસેવા છેલ્લાં બે વર્ષથી તો ચાલતી ન હતી. દેશી હવાઈ મથકની અંદરથી ખાનગી ટૅક્સી તો મળતી હતી, પણ ૫-૭ કિ.મી.ના અંતર માટે રૂ. ૧૫૦૦/- માંગે! આપણને અમદાવાદીઓને જરા ભારે લાગે! છેવટે રાજેશે કોઈની સાથે ભાવ ઠેરવી રૂ. ૮૦૦/-માં કામ પતાવ્યું. જોકે બહારથી ટૅક્સી કરી હોત તો ઘણા ઓછામાં પતી જાત એવો રંજ રહી ગયો! ઓછો સામાન અહીંથી જ સારો લાગ્યો! ચાર જણનો સામાન એકદમ સહેલાઈથી નાની ટૅક્સીમાં આવી ગયો. ટૅક્સી ડ્રાઇવર ઘણા જ કુશળ હતા. મુંબઈનો સાંજનો ટ્રાફિક ભલભલાને તોબા પોકારાવી દે, પણ તેમણે અમને સરસ રીતે યોગ્ય ગેટ પર પહોંચાડ્યાં.

અમારી મુંબઈથી વૉશિંગ્ટનની સફર બે ભાગમાં હતીઃ મુંબઈથી લંડન અને લંડનથી

વૉશિંગ્ટન. અમારી ટિકિટ વર્જિન ઍરલાઇન્સની હતી, પણ પહેલો ભાગ - એટલે કે મુંબઈથી લંડન - જેટ ઍરલાઇન્સમાં જવાનું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરે કંપનીઓના જોડાણ અને વિલીનીકરણના (Merger & Amalgamation) સમયમાં આવાં વ્યાપારી સમીકરણો સામાન્ય થઈ ગયાં છે.

અમને મુંબઈથી જ છેક વૉશિંગ્ટન સુધીના બોર્ડિંગ પાસ આપી દીધા અને અમારો સામાન પણ છેક વૉશિંગ્ટન માટે લઈ લીધો. અમે હવે સાવ હળવા થઈ ગયાં! ભૂખ પણ લાગી હતી. સાથે થેપલાં તો હતાં જ! ગુજરાતીઓના થેપલાં કેટલાં કામનાં છે તે અમને અહીંથી જ સમજાવા લાગ્યું હતું. ગરમાગરમ ચા-કૉફી લઈ જમવાનો પ્રોગ્રામ પતાવ્યો. ચા-કૉફીના ભાવ પણ જાણે ડૉલરમાં હોય તેટલા ઊંચા હતા. જાણે તેમને ખબર પડી ગઈ હોય કે અમે અમેરિકા જઈ રહ્યાં છીએ!

પેટપૂજા કરી અમે ચેક-ઇનનો કાર્યક્રમ પતાવી લીધો. થોડો સમય લાગ્યો, પણ બધી વિધિ સરળતાથી પતી ગઈ. જો પાસપોર્ટ અને વિઝા બરાબર હોય અને કોઈ પ્રવાહી કે અણીદાર વસ્તુઓ હાથમાં ના હોય તો ચેક-ઇનમાં કોઈ વાંધો આવતો નથી. અમારે ગેટ નં. ૭૫ પરથી વિમાનમાં જવાનું હતું. હવાઈ મથકના એક ભાગ પરથી જ નાની એવી ટ્રેનમાં બેસી અમે હવાઈ મથકના બીજા ભાગ પર આવ્યાં. ગેટ નં. ૭૫ શોધી અમે આરામથી બેઠાં. અમારી પાસે સમય ઘણો હતો. રાતના ૧.૪૫ વાગ્યાની ફ્લાઇટ હતી. હવે જરા શાંતિથી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર ધ્યાન ગયું. મુંબઈનું આંતરરાષ્ટ્રીય હવાઈ મથક બીજા કોઈ પણ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક જેવું મોટું અને વ્યવસ્થિત છે. વિશાળ જગ્યા, મોટો ડ્યુટી-ફ્રી શૉપિંગ એરિયા, ભારતીય કલાકારીગરીની સુંદર સજાવટ, ઊડીને આંખે વળગે તેવી સ્વચ્છતા અને ઉચ્ચ સ્તરની વ્યવસ્થા. ઘણી વાર પરદેશથી પાછાં આવીએ ત્યારે આપણી સ્વચ્છતા અને વ્યવસ્થા માટે દેશના હવાઈ મથક પર ઊતરતાં જ શરમ થાય, પણ આ વખતે મુંબઈનું આંતરરાષ્ટ્રીય હવાઈ મથક બીજા પરદેશના આંતરરાષ્ટ્રીય હવાઈ મથક જેવું જ સારું લાગ્યું. અને આનંદ તથા ગૌરવની લાગણી થઈ.

ઍરપોર્ટ પર ખાવા-પીવાની ભરપૂર વ્યવસ્થા હતી, બેસવા અને સૂવાની પણ સારી એવી વ્યવસ્થા હતી. મોબાઇલ તથા લૅપટૉપ ચાર્જ કરવાની પણ ઠેરઠેર વ્યવસ્થા હતી. ટૉઇલેટ અને પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા હતી. ટૂંકમાં ભારત વિશ્વસ્તરની સગવડો આપવામાં કામિયાબ હતું. જોકે એ સગવડો આપણે કેવી અને કેટલી જાળવીએ છીએ તે આપણા પર આધાર રાખે છે.

જેટ ઍરલાઇન્સનું વિમાન સમયસર આવી ગયું અને અમે ચારેય તેમાં સરખી રીતે ગોઠવાઈ ગયાં. રાતના (કે વહેલી સવારના ?) પોણા બે થયા હતા, પણ વિમાનમાં ચહલપહલ ખાસ્સી હતી. આમ પણ જેટ ઍરલાઇન્સ તેની સરભરા માટે વખણાય છે. અડધી રાત્રે

પણ સરસ મઝાનું જમવાનું આપ્યું. મને જમવા કરતાં સૂવામાં રસ વધુ હતો. વળી સરસ ધાબળો અને ઓશીકું તથા ગમે તેવું તાપમાન હતું એટલે મેં તો લાંબી ઊંઘ ખેંચી લીધી. રાજેશે થોડા સમય સુધી વીડિયો જોયો અને પછી થોડી ઊંઘ ખેંચી.

વહેલી સવારમાં પાછી ચહલપહલ શરૂ... સવારના નાસ્તાનો સમય. આગળથી જણાવેલું એટલે ગરમાગરમ કૉફી સાથે શાકાહારી નાસ્તો હાજર! બ્રશ કરી, મોં ધોઈ નાસ્તાને ન્યાય આપ્યો ત્યાં તો લંડન આવી લાગ્યું.

સવારે સ્થાનિક સમય (Local time) સાડા સાત વાગ્યે અમે લંડનના હીથ્રો હવાઈ મથકે ઊતર્યાં. લંડનનું હીથ્રો હવાઈ મથક દુનિયાનાં સૌથી વધુ પ્રવૃત્ત હવાઈ મથકોમાંનું એક છે. બહુ મોટું અને ઘણી ભીડ... ખોવાઈ જવાય તેવું. પણ વ્યવસ્થા એટલી જ સારી. અમારે પ્લૅટફૉર્મ-૩ ઉપરથી અમારી આગળની હવાઈ સફર કરવાની હતી. વિમાનમાંથી ઍરોબ્રિજ પર ડગલું માંડ્યું ત્યારથી અમને પર્પલ લાઇનમાં જવાનો સંદેશ મળી ગયો. દરેક વળાંક પર પર્પલ લાઇન માટે દિશાસૂચન આવી જ જાય. લગભગ એક કિ.મી. ચાલ્યાં હોઈશું. એક દરવાજા પાસે નાની લાઇન હતી જ્યાંથી અમારે બસ પકડવાની હતી. પાંચ-સાત મિનિટમાં બસ આવી. બસમાં પણ સતત માહિતી અપાતી રહેતી હતી. દસ મિનિટમાં પ્લૅટફૉર્મ-૨ આવશે અને વીસ મિનિટમાં પ્લૅટફૉર્મ-૩ આવશે. જેવું પ્લૅટફૉર્મ-૨ નજીક આવ્યું કે મુસાફરોને ઊતરવું હોય તો તૈયાર થવાની સૂચના અને બસ ઊભી રહે એટલે ઊતારવાની સૂચના. તમે ભૂલથી બસમાં બેસી તો નથી રહ્યાંને? એવું પણ પૂછી લે! પ્લૅટફૉર્મ-૩ આવ્યું એટલે અમે બસમાંથી ઊતર્યાં. અમારે ગેટ-૨૧ પરથી વિમાન પકડવાનું હતું.

અમારી પાસે ખાસ્સો સમય હતો. હીથ્રો હવાઈ મથક ફરી ફરીને જોયું. પછી વળી પાછો ચા-કૉફી સાથે થેપલાંનો નાસ્તો (કે જમવાનું?) કર્યો. થોડી વાર રહીને ઑરેન્જ જ્યૂસ પણ પીધો. રાજેશે થોડા પાઉન્ડ જોડે રાખ્યા હતા એટલે લેવડ-દેવડમાં સગવડ રહી. અમે ગેટ-૨૧ પર પહોંચી ગયાં પણ વિમાન ૪૫ મિનિટ મોડું હતું.

સૂચના મળતાં અમે વિમાનમાં બેઠાં. વર્જિન ઍરલાઇન્સની ફ્લાઇટ પણ ઘણી આરામદાયક રહી. સીટ કમ્ફર્ટેબલ હતી. વીડિયો/ફિલ્મ સરસ હતાં. ખાવા-પીવાનું પણ સરસ હતું. શાકાહારી ભોજન ઘણું જ સ્વાદિષ્ટ હતું. સાથે સલાડ, ફળો અને મીઠાઈ બહુ આકર્ષક રીતે પેશ કર્યાં હતાં. દિવસનો સમય હોવાથી વિમાની સફરનો પૂરેપૂરો આનંદ માણ્યો.

બપોરે ચારેક વાગ્યે અમે વૉશિંગ્ટન પહોંચ્યાં. મેં મેટ્રિક્ષનું ફોનનું કાર્ડ મારા મોબાઇલમાં નંખાવેલું એટલે વિમાનમાંથી જ રાજેશના મિત્ર નિખિલભાઈ સાથે વાત થઈ ગઈ. નિખિલભાઈ અને ભાર્ગવી બંને મોટી ગાડી લઈને અમને લેવાં આવ્યાં હતાં. મિત્રોનો કેવો પ્રેમ! કેવી જાહોજલાલી! કેવો ઠાઠમાઠ! અહીંની જેમ જ ત્યાં પણ ઍરપોર્ટ પર પાર્કિંગની

તકલીફ હોય છે. ઇમિગ્રેશન ચેક કરાવી બહાર આવતાં પોણો કલાક થયો હશે. બહાર નીકળી તેમને મળીને અને ભેટીને જે આનંદ થયો તે અવર્ણનીય છે. લાંબા સમયથી નિખિલભાઈ અને રાજેશ તથા બીજા મિત્રો જે આ અમારી અમેરિકાની સફરના પ્રોજેક્ટ પર કામ કરતા હતા તે આખરે ફળીભૂત થઈ રહ્યો હતો! તેમના મિત્ર ભદ્રેશ મહેતા પણ અમને મળવા ઍરપોર્ટ આવવા દોઢ-બે કલાક પહેલાં ઘેરથી નીકળ્યા હતા, પણ હજી સુધી ઍરપોર્ટ પહોંચી શક્યા ન હતા. તેમની થોડી રાહ જોઈ પણ તેમના તરફથી મેસેજ મળ્યો કે લાંબા વીકએન્ડને લીધે રસ્તા પર ટ્રાફિક ઘણો હતો અને તેઓ ઍરપોર્ટ કલાક સુધી પણ પહોંચે તેવી શક્યતા ઓછી હતી. તેમને મળ્યા વગર જ અમે નિખિલભાઈ અને ભાર્ગવીને ઘેર પહોંચ્યાં.

નિખિલભાઈ અને ભાર્ગવીએ આ ઘર લેતાં પહેલાં પણ અમને ઘણા ફોટા મોકલ્યા હતા, પણ એ ઘરને નજર સામે જોતાં અમે અવાચક થઈ ગયાં. ઘર નહીં પણ મહેલ છે! સુંદર ગેટેડ (દરવાજાવાળી- સુરક્ષિત) સોસાયટીમાં અતિસુંદર ઘર. પોટોમેક નદીના નામ પરથી સોસાયટીનું નામ પાડ્યું છે. સુંદર ગાર્ડન, રંગ-રંગનાં ફૂલો, નાનો નાજુક હીંચકો (ગુજરાતીનું ઘર હોય અને હીંચકો ના હોય તેવું બને ખરું?) ફટાફટ બહુ બધા ફોટા પાડી અમે ઘરમાં ગયાં. વળી બીજું મિત્ર-યુગલ નાનક અને નયના પણ અમને મળવા દોઢ કલાકની મુસાફરી કરી આવી પહોંચ્યું. નાનકભાઈ નાસામાં વર્ષોથી વિજ્ઞાની તરીકે જવાબદારીભરી કામગીરી કરે છે અને નયના બહુ રચનાત્મક કામ કરે છે. એમની સાથે સફરના અંત ભાગમાં રહેવાનું છે એટલે અત્યારે આટલો જ પરિચય આપું છું.

ભાર્ગવીએ નાસ્તાપાણીની પૂરી વ્યવસ્થા કરી રાખી હતી. અહીંની બહેનો કે સ્ત્રીઓ ઘણું કામ કરે છે. સારી જીવનશૈલી નિભાવવા માટે તેમણે ઑફિસમાં કામ કરવું પડે છે અને આપણા ભારતીય સંસ્કારો પ્રમાણે ઘરનું કામ કરવું પડે છે. આપણી જેમ મહારાજ, કામવાળા, માળી, ડ્રાઇવર વગેરે તો કોઈ મળે નહીં એટલે બધું જાતે કરવાની તૈયારી રાખવી પડે. હા, પતિદેવ, બાળકો અને મશીનો મદદરૂપ થાય ખરા!

નાસ્તો કરી અમે ઘરની ટુર લીધી. મોટે ભાગે આ વિસ્તારના દરેક ઘરમાં જમીન લેવલે (Ground floor) બે દીવાન ખંડ હોય, બે ડાઇનિંગ રૂમ હોય અને ખુલ્લું રસોડું હોય અને એક નાનો બાથરૂમ હોય. ઑફિસના કે ફૉર્મલ મહેમાનો હોય તો મોટો દિવાનખંડ કે મોટો ડાઇનિંગ રૂમ વપરાય. બાકી નજીકનાં મિત્રો કે મહેમાનો હોય તો રસોઈ થતી જાય અને વાતો પણ થતી જાય એટલે નાનો ડાઇનિંગ રૂમ અથવા નાનો દિવાનખંડ વપરાય. ગૃહિણીએ રસોડામાં ભરાઈ રહેવાની જરૂર નહીં. વળી પુરુષો અને બાળકો પણ રસોઈ અને અન્ય કામોમાં મદદ કરે. સામાન્ય રીતે ચા-કૉફી તો પુરુષો જ બનાવે. કદાચ ઑફિસમાં ચા-કૉફી જાતે બનાવી લેવી પડતી હશે એટલે અનુભવ પણ હોય! દરેક ઘરમાં મોટું ગૅરેજ હોય જેમાં ગાડીઓની સાથે સાથે ઘરની વધારાની વસ્તુઓ રાખવાની વ્યવસ્થા હોય. ઘરના માણસો તો ગાડી ગૅરેજમાં મૂકી રસોડામાંથી જ ઘરમાં આવે. ખરીદી કરી

હોય તે વસ્તુઓ પણ યોગ્ય જગ્યાએ રાખતા જ આવે. ટિફિન અને પાણીની બૉટલ વગેરે પણ બીજા દિવસની તૈયારી રૂપે રસોડામાં જ મૂકતાં આવે. ગૅરેજ, રસોડું અને સાથેના નાના ડાઇનિંગ રૂમનો ઘરમાં સૌથી વધુ વપરાશ થાય.

મોટે ભાગે ઘરમાં ભોંયતળિયા જેટલું મોટું ભોંયરું પણ હોય. ક્યારેક એકાદ બેડરૂમ છૂટ્ટો પાડ્યો હોય કે જિમ બનાવ્યું હોય, પણ મોટા હૉલ સાથે કામચલાઉ રસોડું અને એક બાથરૂમ તો ચોક્કસ હોય. પાર્ટીઓ કે વધુ મહેમાનો હોય તો ભોંયરામાં બધી વ્યવસ્થા થઈ જાય. વરસાદ કે ઠંડીના સમયે પણ હળવામળવાના કાર્યક્રમો ચાલુ રાખી શકાય. ભાર્ગવીના ઘરમાં પણ મોટુંમસ ભોંયરું હતું.

અમે તો આટલું જોતાં જ થાકી ગયાં. છેલ્લે ગયાં પહેલા માળે. ત્યાં ચાર બેડરૂમ હતા, બે બેડરૂમમાં અંદર જ બાથરૂમ અને બાકીના બે બેડરૂમ વચ્ચે એક બાથરૂમ. માસ્ટર બેડરૂમ ઘણો જ મોટો અને બાથરૂમ પણ ભવ્ય. કબાટને બદલે કપડાં રાખવાના નાના નાના રૂમ અને તે પણ બંને જણ માટે અલગ અલગ! બાથટબ, શાવર, ડ્રેસિંગ વગેરેની સુંદર વ્યવસ્થા. મોટા બેડરૂમમાં સરસ નાનું મંદિર હતું. સવારે ઊઠતાં જ પ્રભુનાં દર્શન થાય!

આટલું ફરતાં અમે તો થાકી ગયાં અને પાછાં ભૂખ્યાં પણ થઈ ગયાં. ભાર્ગવીએ સરસ પૂર્વતૈયારી કરી જ રાખી હતી. વાતો કરતાં કરતાં દોઢ કલાક સુધી જમ્યાં, ફળો ખાધાં અને આઇસક્રીમ પણ ખાધો! નયના કેક લાવી હતી તેને પણ ન્યાય આપ્યો. જમીને તરત વાસણો પાણીથી ધોઈ મશીનમાં મૂકવાં પડે ત્યારે આપણા કામવાળા યાદ આવે!

મોડે સુધી વાતો કરતાં કરતાં દોઢ-બે વાગ્યે સૂઈ ગયાં, કારણ કે સવારે વહેલા ઊઠી કૅપિટ્લની (Washington D.C.) ભવ્ય ઇમારતો જોવા જવાનું હતું. મીઠાં મીઠાં સપનાં જોતાં જોતાં સવાર ક્યાં પડી ગઈ તે ખ્યાલ જ ના આવ્યો!

# એલેક્ઝાન્દ્રિયા અને કૅપિટ્લનાં સ્મારકો

સવારે ઊઠી ચા-નાસ્તો પતાવી અને સાથે બૅગમાં દિવસ દરમિયાન જમવાની તથા ખાવા-પીવાની વસ્તુઓ લઈ અમે નિખિલભાઈ સાથે નીકળી પડ્યાં. અમેરિકન યજમાનો મહેમાનોને થેલામાં પાણી, નાસ્તો અને છત્રી સાથે રાખવા માટે ઘણો આગ્રહ કરે છે. પહેલા દિવસને અંતે જ અમને આ આગ્રહની આવશ્યકતા સમજાઈ ગઈ.

નિખિલભાઈના આયોજન મુજબ પહેલે જ દિવસે અમે વૉટર ટૅક્સી / જહાજ કે બોટ (Boat)માં પ્રવાસ કરવાનાં હતાં. તેમને ઘેરથી કારમાં નીકળી અમે નૅશનલ હાર્બર (National Harbour) પહોંચ્યાં. આ વિસ્તાર પોટોમેક નદીને કિનારે છેલ્લાં દસ વર્ષમાં વિકસાવવામાં આવ્યો છે. કૅપિટ્લની નજીક વિશાળ જગ્યા અને વ્યવસ્થા મળવી મુશ્કેલ અને મોંઘી છે એટલે ખાનગી કંપનીઓને, ઉદ્યોગજગતને અને ધંધાર્થીઓને યોગ્ય વ્યવસ્થા મળી રહે તે માટે આ જગ્યાનો વિકાસ થયો છે. સુંદર કન્વેન્શન સેન્ટર બનાવ્યાં છે. અમે ગેલૉર્ડ રિસોર્ટ (Gaylord Resort) નામે જાણીતા મેરિયૅટ હોટેલ્સના (Marriot Hotels) સેવન સ્ટાર કન્વેન્શન સેન્ટરની મુલાકાત લીધી. નાના અને મોટા કમરાઓ, જરૂરી ટેક્નોલૉજી અને મુખ પર મીઠા સ્મિત સાથેનો સભ્ય સ્ટાફ, અદ્યતન અને સુખરૂપ સગવડોવાળું આ વિશાળ સેન્ટર સુંદર તો હતું જ, પણ સાથે સાથે ત્યાં રહેવાની, ખાવાપીવાની, મોજશોખની અને શૉપિંગની પણ પૂરતી વ્યવસ્થા હતી. સુંદર ઝાડપાન, નદીનું વહેતું પાણી અને ઠંડો પવન, રંગબેરંગી પુષ્પો અને તેની તાજગી સાથે સાથે મનોરમ્ય કલાકૃતિઓ એકમેકમાં સમાઈને ભવ્ય વાતાવરણ સર્જાતાં હતાં. કુદરત અને મનુષ્યોની કારીગરી એકબીજાને અનુરૂપ થઈ ઉદ્યોગજગત માટે કેવી વ્યવસ્થા વિકસાવી શકે તેનું ઉમદા ઉદાહરણ એટલે આવું કન્વેન્શન સેન્ટર! તેના સૌંદર્યની સાથે સાથે કે કદાચ તેનાથી પણ વધુ ત્યાંની સ્વચ્છતાનાં વખાણ કરવાં પડે. હજારો માણસો ત્યાં હાજર હતાં પણ કોઈ બૂમાબૂમ નહીં, ગમે ત્યાં ફેંકાયેલા કાગળો કે કચરો નહીં. એકદમ ચોખ્ખાં ટૉઇલેટ અને વૉશરૂમ જેમાં તમને મળે પાણી અને સાબુની જરૂરી વ્યવસ્થા. ક્યાંય ગંદકી નહીં. અમેરિકાનો અમારો આ પહેલો જ દિવસ હતો એટલે કદાચ આ કન્વેન્શન સેન્ટરનો વધારે પ્રભાવ પડ્યો હોય તેવું પણ બને.

પોટોમેક નદીને કિનારે આવેલા બિઝનેસ કન્વેન્શન સેન્ટરની મુલાકાતથી શરૂ થયેલી

સફર આગળ ચાલી. અમે નૅશનલ હાર્બરથી વૉટર ટૅક્સી એટલે કે એક માળના, મધ્યમ કદના સુંદર જહાજમાં બેઠાં. આશરે સો માણસોને સમાવી શકે તેવું જહાજ હતું. અમે બહારના ખુલ્લા ભાગમાં અડ્ડો જમાવ્યો. બહાર આઠ-દસ જણ બેસી શકે તેવી વ્યવસ્થા હતી. જહાજના કૅપ્ટન પણ હતા, જેમની સાથે હાથ મિલાવવાનો લહાવો અમે લીધો. જહાજ એવું મોટું તો ન હતું પણ સુરક્ષા વ્યવસ્થા જડબેસલાક હતી. ડૉક છોડીને જેવું જહાજ પોટોમેક નદીમાં સોએક મીટર ચાલ્યું હશે કે નૅશનલ હાર્બરનો સુંદર નઝારો વધુ સુંદર દેખાવા લાગ્યો. લાગે જ ને? સાચું જ કહ્યું છે કે ડુંગરા દૂરથી રળિયામણા! બોટ ધીમે ધીમે ચાલવા લાગી. પેન્ટાગોન અને તેની નજીકની ઇમારતો પણ સરસ દેખાતી હતી. સુંદર પક્ષીઓ અને લીલીછમ હરિયાળીને લીધે પાણીની સફર અહ્‌લાદક બની રહી. આપણે માટે તો પાણીની સફર એટલે જ નવાઈ! બોટની પાછળ થતાં સફેદ મોજાંની રૂમઝૂમ ચાલ અલ્લડ યુવતીની ચાલ જેવી ચંચળ અને મોહક લાગે. બોટની સાથે સાથે જ હોય, પણ થોડુંક અંતર જરૂર રાખે! આવા તોફાની વિચારો સાથે શાળાના મિત્રો હોય એટલે ધમાલ ગીતો અને મજાક મશ્કરી તો હોય જ! જોતજોતાંમાં અમે અડધો રસ્તો પાર કરી લીધો.

જહાજ ઊભું રહ્યું અને અમે એલેક્ઝાન્ડ્રિયાના કિનારે ઊતર્યાં. વિશ્વયુદ્ધ ૧ અને ૨ તથા સિવિલ વૉરમાં ખૂબ પ્રવૃત્ત એવા આ શહેરમાં અમે થોડો સમય ફરી પાછાં આવી સફર આગળ વધારી. રસ્તામાં પુલની નીચેથી બોટ ગઈ ત્યારે પુલ જોવાની બહુ મઝા આવી. માણસ કુદરતને નાથવા શું શું કરે છે!

નૅશનલ હાર્બરથી નીકળી બે-એક કલાકમાં અમે વૉશિંગ્ટન ડી.સી. (કૅપિટ્લ તરીકે પણ ઓળખાય છે) પહોંચી ગયાં. બોટમાંથી ઊતર્યાં ત્યારે કૅપ્ટને અમને બરાબર પાંચ વાગ્યે પાછાં આવી જવા કહ્યું હતું. કદાચ બહુ ઓછા લોકો બોટની સવારી પસંદ કરતા હશે એટલે ડૉક જરા દૂર હતું અને દેખાય તેવું ન હતું. રસ્તા પર આવી બે-ત્રણ નિશાનીઓ ધ્યાનમાં રાખી લીધી જેથી પાછાં વળતાં ડૉક શોધતાં તકલીફ ઓછી પડે.

એકાદ કિલોમીટર ચાલ્યાં હોઈશું ત્યાં ટુરિસ્ટ ઑફિસ દેખાઈ. જાણીતી ઇમારતો (Monuments) જોવા માટે થોડી માહિતી મળી રહેશે તેમ માની ઑફિસમાં ડોકિયું કર્યું. ઑફિસનાં કર્મચારી બહેનને અમારી જરૂરિયાત જણાવી. સુંદર શરીર-સૌષ્ઠવ ધરાવતાં એ શ્યામસુંદર બહેન પોતાની ઑફિસ છોડી અમારી સાથે રસ્તો ઓળંગી સામી બાજુ આવ્યાં. દૂરથી આવતી બસ જોઈ તેમાં બેસી જવા કહ્યું, પણ તરત જ ના કહી અમને રોકી લીધાં, કારણ કે એ બસ ખાનગી હતી અને તેનો ચાર્જ વધુ હતો. થોડી વારમાં સરકારી બસ આવી એમાં અમને બધાંને ચઢાવી ડ્રાઇવરને અમારી ભલામણ કરી પાછાં ઑફિસમાં ગયાં. કેટલી સૌજન્યતા! 'પોતાના દેશમાં પરદેશથી કોઈ આવ્યું છે તો એને બને તેટલી સહાય કરવી તે મારો ધર્મ છે' તેવી ભાવના! આવા માણસો જ્યાં હોય તે દેશ આગળ ના વધે તો જ નવાઈ!



તેમની પ્રશંસા કરતાં કરતાં અમે જેફરસન મેમોરિયલ અને લિંકન મેમોરિયલ પહોંચી ગયાં. શું ભવ્ય સ્મારક! વિશાળ ઇમારત, ભવ્ય મૂર્તિ અને અદ્ભુત વાતાવરણ! હજારોની સંખ્યામાં માણસો. હૈયેહૈયું ભીંસાય તેવી ભીડ. પણ કોઈ મારામારી કે ખરાબ બનાવ નહીં. બધાં સેલ્ફી લેવામાં મસ્ત. કહો તો તમારો ફોટો પણ ખુશ થઈ પાડી આપે. બેઠેલા લિંકનની મોટી મૂર્તિ પાછળ લખાણ હતું જે ધ્યાન ખેંચે એવું હતું... “In this temple...” એ જાણે લિંકનનું મંદિર હતું! પગથિયાં પર પણ મોટા સુંદર અક્ષરોમાં માર્ટિન લ્યુથર કિંગના પ્રખ્યાત શબ્દો કોતરેલા હતા... “I have a dream”. ત્યાંથી જરાય ખસવાનું મન થાય એવું ન હતું. થોડી વાર ત્યાં બેસીને અમે આગળ ચાલ્યાં.

લિંકન મેમોરિયલથી આગળ તેનું સુંદર પ્રતિબિંબ પડે તેવું એક નાનું તળાવ છે અને તેને બીજે છેડે આવ્યું છે વૉશિંગ્ટન મોન્યુમેન્ટ. આ ૫૫૫ ફૂટ ઊંચી ઇમારત પોતાના જમાનાની સૌથી ઊંચી ઇમારત હતી. જોકે પાંચ વર્ષ પછી બનેલું એફિલ ટાવર તેને આંબી ગયું હતું, પરંતુ હજી આજે પણ પથ્થરની બનેલ ઇમારતોમાં તે સૌથી ઊંચી ઇમારત છે. કોઈ પણ ઇમારત માત્ર ઈંટ કે પથ્થરથી નથી બનતી. તેની પાછળ અનેક માણસો પોતાનો કીમતી સમય ફાળવતા હોય છે. આ વાક્ય અમને ત્યાં સાવ સાચું પડતું લાગ્યું. એક ગાયક ભાઈ ત્યાં ઊભાં ઊભાં ઇમારતની ભવ્ય ગાથા ગાઈ રહ્યા હતા. કોઈ જુએ કે ના જુએ, કોઈ સાંભળે કે ના સાંભળે, તે ભાઈ તો પોતાનામાં મસ્ત થઈ ગીત ગાઈ રહ્યા હતા અને લોકોને ઇમારત વિશે ગીતમાં સમજાવી રહ્યા હતા. મેં તેમની પાસે જઈ ઇમારત વિશે વાત કરી અને ગીતના શબ્દો વધુ ધ્યાનથી સાંભળ્યા. તેમની સાથે ફોટો પડાવ્યો અને ભવ્ય ઇમારતના ભાગ થઈ ધન્યતા અનુભવી. બધાં થાક્યા હતા અને ભૂખ્યા થયાં હતાં. થોડી થોડી વારે પાણી તો પી જ લેતાં હતાં, પણ હવે તો ભૂખ અને થાક પણ લાગ્યાં હતાં. બહારના બગીચામાં બેસી સાથે લાવેલ નાસ્તો કર્યો. બૅગમાં ઊંચકી રાખેલા માલની મહત્તા ત્યારે સમજાઈ!




SUMMER
MUSIC

ત્યાંથી બસમાં બેસીને જ બીજાં જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી... વિએટનામ મેમોરિયલ વૉલ, નૅશનલ મૉલ, નૅશનલ મ્યુઝિયમ, ફાઈન આર્ટસ મ્યુઝિયમ, સુપ્રીમ કોર્ટ વગેરે... અસંખ્ય સ્થળો, એક જુઓ ને એક ભૂલો તેવી ભવ્યતા. મહિનો પણ ઓછો પડે આ એક જ શહેરને ન્યાય આપવામાં! હજુ પાછાં વળતાં ફરી બે દિવસ વૉશિંગ્ટન ડી.સી. માં ફરવાનું હતું એમ વિચારી મન મનાવ્યું. સવારે જ્યાંથી બસ પકડી હતી લગભગ ત્યાં પહોંચી ગયાં. પણ વૉટર ટૅક્સીનું ડૉક શોધ્યુંય મળે નહીં. થાકીને લોથપોથ થઈ ગયાં હતાં. ચાલવાની ઝડપ સાવ ઘટી ગઈ હતી. પાંચ વાગ્યાનો સમય પણ પાળવાનો હતો. છેલ્લી ફેરી હતી! સારા પગવાળા બે જાણ આગળ દોડ્યા અને ડૉક શોધી ફેરી રોકી. જોકે કૅપ્ટન પણ અમારી રાહ જોતા હતા. તેમને ખાતરી હતી કે અમે વૉટર ટૅક્સીમાં જ પાછાં જઈશું. લગભગ સમયસર બધાં ડૉક પર ભેગાં થઈ ગયાં અને અમને લઈને ફેરી પછી નૅશનલ હાર્બર જવા ઊપડી. થાક્યા હતાં, થોડો વરસાદ હતો, થોડું અંધારું થવા આવ્યું હતું. વૉશિંગ્ટન ડી.સી.થી નૅશનલ હાર્બરની સફર પ્રમાણમાં શાંત રહી!

નૅશનલ હાર્બર પહોંચ્યાં ત્યાં તો મોટા પડદા પર અમેરિકન ફૂટબૉલ મૅચનું જાહેરમાં પ્રસારણ થઈ રહ્યું હતું. માહોલ બહુ જોરમાં હતો. જનતા ટેમ્પોમાં હતી અને ખુશખુશાલ હતી, પણ અમે થાક્યા હતાં અને ઘેર જઈને જમીને જલદી સૂઈ જવાની ઇચ્છા હતી.

ભાર્ગવી તો અમારી રાહ જોતી જોતી થાકી ગઈ હતી. આજે પણ તેણે પૂરું ભાણું બનાવ્યું હતું. અમેરિકન યજમાનો બહુ ઉત્સાહી હોય છે. દેશમાંથી મહેમાન આવે ત્યારે તો ગાંડા ઘેલા થઈ જાય! મોડામોડા ઘેર પહોંચ્યાં પછી આખા દિવસની વાતો કરતાં કરતાં જરાક વધારે જ જમ્યાં! આગ્રહ અને પ્રેમ વળી આટલી સરસ રસોઈ! પછી બાકી શું રહે? સવારની તૈયારી કરી. થોડો સામાન અહીં જ રાખી આગળની સફર માટે બૅગ પૅક કરી અને ન્યુ-યૉર્કનાં સપનાં જોતાં જોતાં સૂઈ ગયાં.

# ન્યુ યૉર્ક, એલિસ ટાપુ અને સ્ટૅચ્યુ ઑફ લિબર્ટી

સવારે ઊઠી રૂટીન પતાવી નાસ્તો કરી અમે તૈયાર થઈ ગયાં. ભાર્ગવીએ સવાર માટે ગરમ ગરમ નાસ્તો બનાવ્યો હતો અને બસમાં ખાવા હાંડવો, પૂરી, અથાણું વગેરે પૅક કર્યું હતું. અમને આ બધાંની જરૂરિયાત એક જ દિવસમાં સમજાઈ ગઈ હતી એટલે ઘેર પણ સારો એવો નાસ્તો કર્યો અને ભાથું પણ સાથે લઈ લીધું.

ખેડૂતોના સાપ્તાહિક બજારની પાસેથી જ અમારે ૧૦.૪૫ વાગ્યે બસ પકડવાની હતી. અમે Vamoos બસમાં નીકળી ન્યુ યૉર્ક જવાનાં હતાં. ખેડૂતોની સાપ્તાહિક બજાર પણ જોવા જેવી હોય છે. ત્યાં તાજાં શાકભાજી અને ફળફળાદિ મળે, ઘરે બનાવેલાં વ્યંજનો, જેવાં કે કેક, જામ વગેરે મળે, ખાતર અને ખેતીનાં નાનાં ઓજારો મળે. આપણી ગુજરી કે રવિવારી જેવો માહોલ હોય! આ બધું જોવા અને માણવા અમને નિખિલભાઈ થોડા વહેલા અહીં લઈ આવ્યા હતા. મોટા મૉલની સરખામણીએ સાવ અલગ વાતાવરણ, પણ વસ્તુઓ તાજી અને સારી મળે એટલે ઘણાં લોકો ખેડૂતોની સાપ્તાહિક બજારમાંથી ખરીદી કરવાનો આગ્રહ રાખે. અમને પણ મઝા આવી અને નાની એવી કેક લઈ ખાધી પણ ખરી!

લગભગ ૧૦.૫૦ વાગ્યે બસ આવી અને અમે બસમાં ન્યુ યૉર્ક જવા નીકળ્યાં. બસ સરસ હતી. અમેરિકન બસનો પહેલો અનુભવ હતો, જે સંપૂર્ણ સુખદ રહ્યો. રસ્તાઓ સરસ અને વાહનો સરસ, વળી વાહનચાલકો ચલાવે શિસ્તપૂર્ણ રીતે એટલે બસ તો પાણીના રેલાની જેમ ચાલી જાય! રસ્તા પર માર્ગસૂચક બોર્ડ આવ્યાં કરે. જરૂરી માહિતી મળતી રહે. તમે ક્યારે આ રસ્તો છોડી શકો અને ક્યાં જવા કયો Exit લેવો, જેવી સતત મળતી માહિતી ડ્રાઇવિંગને સરળ બનાવે. અહી અંતર માઈલમાં મપાય છે, કિલોમીટરમાં નહીં. જોકે લોકો તો અંતર સમયમાં જ કહે! નિખિલભાઈને અમે પૂછ્યું કે ન્યુ યૉર્ક કેટલું દૂર? તો કહે પાંચ કલાક! રસ્તા પર આજુબાજુ જોવાની બહુ મઝા આવે. લીલોતરી, સ્વચ્છ આકાશ અને પાણી... કુદરતે આ દેશને ઘણું આપ્યું છે અને લોકોએ તે સાચવ્યું છે અને વિકસાવ્યું છે.

ડ્રાઇવરે બે કલાક પછી બસ ઊભી રાખી. દરેક પેટ્રોલ પંપ પાસે એક રોજબરોજની જરૂરિયાતનો સ્ટોર હોય, સરસ ફૂડ-કોર્ટ હોય અને સ્વચ્છ વૉશરૂમ હોય. અમે કૉફી

લઈ આવ્યાં અને ભાથું ખોલી નાસ્તો કર્યો. અમને બધાંને કૉફી ભાવે એટલે સ્ટારબક્સ (Starbucks) ની કૉફી લઈએ. મોટો ગ્લાસ હોય એટલે એક ગ્લાસમાંથી બે કે ત્રણ જણ શાંતિથી પી શકીએ. ઠંડુ વાતાવરણ, સાવ નવરાશ, મિત્રોનો સાથ અને થેલામાં નાસ્તો હોય એટલે ઘંટી ચાલુ જ રહે! બસ ઊપડી અને અમે સૌએ ઝોકાં મારી લીધાં.

નિયત સમયે એટલે કે બપોરે ૩.૪૫ વાગ્યે અમે ન્યુ યૉર્ક પહોંચ્યાં. આટલી મોટી બસ શહેરની બરાબર મધ્યમાં એકદમ ભરચક વિસ્તારમાં આવી ઊભી. અને અમે જગપ્રખ્યાત મેનહટ્ટન, ન્યુ યૉર્ક આવી પહોંચ્યાં. સેન્ટ્રલ મુંબઈના ભરચક ભીડભાડવાળા વિસ્તારોની યાદ અપાવે. શહેરનો મુખ્ય રસ્તો, આટલી ભીડ, આટલાં વાહનો એટલે બસ તો બે જ મિનિટ ઊભી રહી અમને ઉતારી આગળ ચાલી. થોડી જ વારમાં જયેન્દ્રભાઈ અને માલા એમની મોટી ગાડીમાં આવી પહોંચ્યાં. લોકલ ફોન હાથમાં હોવો ખરેખર લાભદાયી છે. તમે સતત તમારા યજમાનના કૉન્ટેક્ટમાં રહી શકો. અમે છેલ્લા અડધા કલાકથી જયેન્દ્રભાઈ સાથે સંપર્કમાં હતાં એટલે એકબીજાને શોધતાં જરાય તકલીફ પડી નહીં.

આવા ભરચક વિસ્તારમાં પણ રસ્તાની એક બાજુ ગાડી ઊભી રાખવાની વ્યવસ્થા હોય છે. જયેન્દ્રભાઈએ અમારો સામાન ગાડીમાં ગોઠવી ગાડીને રસ્તાની બાજુમાં લઈ ઊભી રાખી. મોટા શહેરમાં અહીંથી ઘેર જઈ સામાન મૂકી, આરામ કરી પછી ફરવા જવાય નહીં. અમારે અહીંથી જ ન્યુ યૉર્ક દર્શન શરૂ કરવાનું હતું એટલે માલા પૂરતી તૈયારી કરીને જ આવી હતી. સરસ બે જાતની કચોરી, ચટણી અને બીજા કોરા નાસ્તા તે જોડે જ લાવી હતી. ડિશ-ચમચી-નૅપ્કિન વગેરે વ્યવસ્થા પણ સારી રાખી હતી. ગાડીમાં બેસીને જમવા જેવો અને જેટલો નાસ્તો અમે કર્યો. જયેન્દ્રભાઈએ ગાડી ઉપાડી. હવે અમારે વિશ્વપ્રખ્યાત અને ભવ્ય સ્થળોનું વિહંગાવલોકન કરવાનું હતું. પહેલાં ગયાં 'World's most famous arena' મેડિસન સ્ક્વેર ગાર્ડન (Madison Square Garden). સંગીતકારો, કલાકારો અને રમતવીરોની આખરી મંઝિલ!! પછી રેડિયો સિટી હૉલ (Radio City Hall) અને પોર્ટ ઑથોરિટી ટર્મિનલ (Port Authority Terminal) નું મોટું બિલ્ડિંગ. ઘણું મોટું અને સુંદર. ત્યાંથી ગાડી છોડી ચાલ્યાં ટાઈમ્સ સ્ક્વેર -૪૨ સ્ટ્રીટ (Times Square-42nd Street) પર. અહીં તો પગે ચાલવાની જ મઝા આવે. ચાલતાં ચાલતાં પણ અથડાયા કરીએ તેવી ભીડ. કોઈ પણ વ્યાપારી કે ધંધાદારી મઝામાં આવી જાય એટલા માણસો! એક વાર છૂટા પડી જાવ તો જલદી મળો પણ નહીં. સ્ટ્રીટ પર આવેલ જાણીતા સ્ટોર (H & M Mall)માં પણ આંટો માર્યો. દુનિયાભરની બધી જાણીતી બ્રાન્ડની વસ્તુઓ મળી રહે એવો મોટો સ્ટોર. થોડું આગળ ચાલ્યાં અને ટાઇમ્સ સ્ક્વેર -૪૨ સ્ટ્રીટ પર આવે નેસ્ડેક (Nasdaq) નું બિલ્ડિંગ. હું અને દિલીપભાઈ બંને શૅરબજારમાં પ્રવૃત્ત એટલે અમારા માટે તો એ જાણે મક્કા! બહુ ફોટા પડાવ્યા નેસ્ડેકના બિલ્ડિંગ નીચે. એ ગલી પર કે રસ્તા પર અસંખ્ય જાણીતાં બિલ્ડિંગ આવેલાં છે. લગભગ દરેક બિલ્ડિંગની આગવી વાર્તા હોય. ક્રિસમસ વખતે ૩૧ ડિસેમ્બરની રાત્રે બાર વાગ્યે નીઓન લાઇટથી ઝગમગતા એક બિલ્ડિંગ પરથી દડો ગગડાવીને નવા વર્ષને આવકારાય તે બિલ્ડિંગ પણ જોયું. ૩૧ ડિસેમ્બરની રાત્રે બાર






વાગ્યે ભયંકર ઠંડીમાં પણ લાખો લોકો ત્યાં ભેગાં થાય આ નઝારો જોવા! જાતજાતનાં અને ભાતભાતનાં બિલ્ડિંગો જોતાં જોતાં અમે છેલ્લે પહોંચ્યાં રોકફેલર સેન્ટર.

શહેરની મધ્યમાં ૨૨ એકરમાં ફેલાયેલા રોકફેલર સેન્ટરમાં ૧૯ મહાકાય બિલ્ડિંગ આવેલાં છે. અમે પહોંચ્યાં ત્યારે અંધારું થવા આવ્યું હતું એટલે રોશનીની ભવ્યતા પૂર બહારે ખીલી હતી. અમે જોયું મોટું ક્રિસમસ ટ્રી... કદાચ દુનિયાનાં સૌથી મોટાં ક્રિસમસ ટ્રીમાંનું એક. અને પછી જોયું હવાથી ફુલાવી શકાય તેવા ચળકતા નાયલોન સ્ટીલમાંથી બનેલ, પોતાના પાયલ સરખા કરવા બેઠેલી બાળ-નૃત્યાંગનાનું (Seated Ballerina) મોટુંમસ મનોરમ્ય પૂતળું. વિખ્યાત કલાકાર જેફ કુને ત્રણ કળાકૃતિ આ સેન્ટર માટે બનાવી છે તેમની આ એક. આ સેન્ટર બાળકો માટે અને ખાસ કરીને ખોવાયેલા બાળકો

માટે ઘણું કામ કરે છે. આ મોટા પૂતળાની નીચે ખુલ્લામાં સરસ રેસ્ટોરાં બનાવી છે, જેમાં અનેક ટુરિસ્ટ ખાવાપીવાની મઝા માણીને આ ભવ્ય કામને બિરદાવે છે. પૂતળાની બરાબર સામેની બાજુ શિલાલેખ છે જેમાં લખ્યું છેઃ "I believe that LOVE is the greatest thing in the world that it alone can overcome hate that right can and will triumph over might.."

જયેન્દ્રભાઈ ન્યુ યૉર્ક મેટ્રોમાં ઊંચા હોદ્દા પર વર્ષો સુધી કામ કરી હમણાં જ નિવૃત્ત થયા છે એટલે એમને મન હતું કે અમે બે સારા મેટ્રો સ્ટેશન જોઈએ અને મેટ્રોમાં સવારી કરીએ. સ્ટેશને જઈ અમે ખુશ થઈને સબવે નકશો લીધો. મેટ્રો સ્ટેશન પર ચા-કૉફી પીધાં અને ત્યાંના સ્વચ્છ વૉશરૂમ પણ વાપર્યાં. ટિકિટ લઈ અમે કાર પાર્ક કરી હતી તે સ્ટેશન આવી તેમના ઘર તરફ પ્રયાણ કર્યું.

રસ્તામાં તેમણે ન્યુ યૉર્ક શહેર વિશે માહિતી આપી. ન્યુ યૉર્ક શહેર હડસન નદી અને એટલાન્ટિકના સંગમ પર આવેલું છે. તે પાંચ વિભાગ કે બરોઝ (Boroughs) નું બનેલું છે. આ શહેર વ્યાપારી, નાણાંકિય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું ધામ છે. લગભગ ૮૦૦ Sq.Km.માં વિસ્તરેલું છે અને ૯૦ લાખની વસ્તી ધરાવે છે. દુનિયાના સૌથી વધુ વસ્તી ધરાવનારાં શહેરોમાં ચોથા સ્થાને છે. પાંચ વિભાગોમાંના બ્રોન્ક્સ, બ્રૂકલિન, મેનહટ્ટન, ક્વીન્સ અને સ્ટેટન ટાપુ (Bronx, Brooklyn, Manhattan, Queens, Staten Island). ક્વીન્સ બરોમાં ફ્લોરલ પાર્કમાં જયેન્દ્રભાઈ વર્ષોથી તેમના કુટુંબ સાથે રહે છે. સરસ સોસાયટી છે. આસપાસ ઘણા ભારતીયો રહે છે. અમને જાણીને બહુ નવાઈ લાગી કે આટલાં વર્ષોથી અહીં રહેવા છતાં જયેન્દ્રભાઈ રોજ ઠાકોરજીની સેવા કરે છે અને કાંદા-લસણ વગરનો શુદ્ધ શાકાહારી ખોરાક જ લે છે! માલા પોતે જૈનની દીકરી છે પણ હવે તો તે ઠાકોરજીના રંગમાં રંગાઈ ગઈ છે!

તેણે જમવાની પૂર્વતૈયારી કરી રાખી હતી એટલે અમે તેમના ઘરમાં ગોઠવાઈએ એટલી વારમાં તો ગરમાગરમ ભોજન હાજર થઈ ગયું! ભોંયતળિયે દિવાન ખંડ, રસોડું, ડાઇનિંગ રૂમ, સેવાનો રૂમ, એક સૂવાનો રૂમ બાથરૂમ વગેરે હતું. પહેલે માળે બે સૂવાના રૂમ હતા, જ્યાં અમારો ઉતારો હતો. અને ભોંયરામાં મોટો હૉલ, કિચન, બાથરૂમની પૂરતી વ્યવસ્થા. વળી ઘરની પાછળની બાજુ પણ મોટો રૂમ અને બગીચો બનાવેલાં. આટલું મોટું ઘર સાફ રાખતાં રાખતાં ગૃહિણીઓની શું દશા થતી હશે?

જમીને અમે જયેન્દ્રભાઈ સાથે ચાલવા નીકળ્યાં. રસ્તામાં તેમણે ગુજરાતી ફરસાણની દુકાન બતાવી. અને એક ભારતીયની દુકાનમાંથી અમે શાકભાજી અને ફળો પણ લીધાં. ઘરે આવી રાતના મોડે સુધી વાતો કરી. તેઓ અમેરિકા કેવી રીતે આવ્યા, કેટલી મુશ્કેલીઓ પડી, બાળકોને કેવી રીતે ભણાવ્યાં અને મોટાં કર્યાં વગેરે વાતો કરી. તેમને બે દીકરીઓ છે, બંને પોતપોતાને સાસરે સુખી છે. એક તો નજીક જ રહે છે અને તેમની મીઠડી પૌત્રી અનાયા અમને મળવા આવી જ લાગી!

■

બીજે દિવસે સવારે પાંઉ-ભાજીનો નાસ્તો કરી અમે નીકળી પડ્યાં. કાર એક મિત્રને ત્યાં પાર્ક કરી. ક્વીન્સ ટાવરથી બસ અને પછી મેટ્રો લઈ અમે વર્લ્ડ ટ્રેડ સેન્ટર (World Trade Centre) અને ટ્વિન ટાવર (Twin Towers) પહોંચ્યાં. ચાલતાં ચાલતાં આખો વિસ્તાર જોયો. વાતાવરણમાં એક દુઃખદ ભીનાશ અનુભવાઈ. જયેન્દ્રભાઈ પોતે વર્લ્ડ ટ્રેડ સેન્ટરના હાદશા વખતે ત્યાં નજીકમાં જ હતા અને આખો કિસ્સો તેમણે નજરે જોયેલો અને અનુભવેલો છે. હજી પણ તે વિસ્તાર નજીક જવું તેમને ગમતું નથી અને તે દિવસની વાતો કરવાનું તેઓ ટાળે છે.

સ્ટૅચ્યુ ઑફ લિબર્ટી (Statue Of Liberty) જવા માટેની ટિકિટ પહેલેથી લઈ રાખી હતી એટલે બોટમાં સહેલાઈથી ચઢી ગયાં. એકાદ ટિકિટમાં કંઈ તકલીફ લાગી ત્યારે જૂનો ઇમેલ કાઢી સોફ્ટ કોપી બતાવી તો તેને પણ સ્કેનરથી તપાસી માન્ય ગણી! ટેક્નોલૉજી કેટલી ઝડપથી આગળ વધી રહી છે તે જાણીને આપણને આનંદ થાય. જોકે સલામતી અને સુરક્ષાની તકેદારી અને તપાસ વિમાન જેવી જ જડબેસલાક હતી.

ઝીણો ઝીણો વરસાદ ચાલુ હતો. આખી બોટ લગભગ ખુલ્લી જ હતી એટલે વરસાદની મઝા પેટ ભરીને માણી! દૂરથી દેખાતી ન્યુ યૉર્ક શહેરની પ્રખ્યાત સ્કાય લાઇન પણ એકેક બિલ્ડિંગ ઓળખી શકાય તેવી રીતે જોઈ. થોડી વારમાં એલિસ ટાપુ (Ellis Island) પર બોટ ઊભી રહી. ઐતિહાસિક મહત્તા ધરાવતો આ ટાપુ રળિયામણો છે. ૧૯૨૦ પહેલાં લાખો લોકો એલિસ ટાપુ થઈ અમેરિકામાં પ્રવેશ્યાં હતાં. ન્યુ યૉર્ક શહેરની, એલિસ ટાપુની અને સ્ટૅચ્યુ ઑફ લિબર્ટીની ભરપૂર માહિતી ત્યાંના ત્રણ માળના પ્રદર્શન વિભાગમાંથી મળી. થોડી વાર એલિસ ટાપુની મઝા માણીને પાછી બોટ પકડી સ્ટૅચ્યુ ઑફ લિબર્ટી પહોંચ્યાં. દૂરથી જ સ્વતંત્રતાની દેવીની લીલા રંગની ભવ્ય અને સુંદર પ્રતિમા દેખાતી હતી. ટાપુ પર તો બહુ ભીડ હતી. જાતજાતનાં અને ભાતભાતનાં લોકો સ્ટૅચ્યુ ઑફ લિબર્ટીના દર્શન કરવા આવ્યાં હતાં. સ્ટૅચ્યુ ઑફ લિબર્ટી અમેરિકાનું બહુ જાણીતું અને માનીતું પ્રવાસન સ્થાન છે.

દુનિયાની આઠમી અજાયબી તરીકે જાણીતી સ્વતંત્રતાની દેવીની આ પ્રતિમા એક સ્વતંત્ર દેશની બીજા સ્વતંત્ર દેશને આપેલી ભેટ છે. સિવિલ વોર પછી ૧૮૬૫માં ફ્રાંસના બુદ્ધિજીવીઓને મન થયું કે અમેરિકાના સ્વતંત્રતા અને સ્વાધીનતાના ઉન્નત વિચારોને વધાવવા જોઈએ. ૧૮૬૫માં જ બર્થોલડી નામના ફ્રેંચ કલાકાર આ પ્રતિમાની પરિકલ્પના કરે છે અને તેની ટીમ સાથે કામ આરંભ કરે છે. ૧૮૭૧માં તે અમેરિકા આવી સ્થળ પણ નક્કી કરે છે. ૨૧ વર્ષ બાદ (૧૮૮૬માં) તે જ જગ્યાએ ૧૫૧ ફૂટ ઊંચી પ્રતિમાની લગભગ તેટલા જ ઊંચા સ્થાનક કે બેઠક પર સ્થાપના થાય છે. પ્રતિમા જેટલી ભવ્ય છે તેટલું ભવ્ય તેનું સ્થાનક છે. પ્રતિમાને જોતાં જ દિલમાં સ્વાધીનતાની લહેર ઊભરાઈ આવે છે. સ્વતંત્રતાની દેવી અમર રહો!

સ્વતંત્રતાની દેવીના ટાપુ પર મ્યુઝિયમ અને પ્રદર્શનની સાથે સાથે કાફે, ગીફ્ટ શૉપ, ચોપડીઓની દુકાન, રેસ્ટોરાં વગેરે ઘણી સુવિધાઓ છે. પ્રતિમાના સ્થાનક પર સરસ મ્યુઝિયમ અને પ્રદર્શન છે. તે જોઈને અમે દેવીની પ્રતિમા, દેવીના હાથમાંની મશાલ અને પ્રતિમાની અંદરની રચના જોઈ. આંખોને આંજી નાખે તેવી બહુ ભવ્ય પ્રતિમા અને અન્ય રચના છે. તેની સાચવણી સારી એવી જાહેમત માગી લે. લોકોની ભીડ બહુ હતી (અને કદાચ કાયમ રહેતી હશે) એટલે બધી જગ્યાએ લાઇનમાં ઊભા રહેવું પડતું હતું. વ્યવસ્થા સારી હતી અને મિત્રો સાથે હતા એટલે આખો અનુભવ બહુ સુખદાઈ રહ્યો અને પાછાં ક્રૂઝમાં જ ન્યુ યૉર્ક આવી લાગ્યાં.

જે રીતે આવ્યાં હતાં તે રીતે પાછાં જવાનું હતું, મેટ્રોમાં, બસમાં અને પછી કારમાં. પાછાં વળતાં પહેલાં થોડું ચાલ્યાં. સેન્ટ્રલ પાર્કની મઝા માણી. શહેરની મધ્યમાં આવો મોટો અને સુંદર બગીચો જોઈને ખૂબ ખૂબ આનંદ થયો. બાગની નજીક જ બહાર રસ્તા પર આવેલું ટ્રમ્પ ટાવર પણ જોયું. સેન્ટ્રલ પાર્કની બહાર સુંદર રંગબેરંગી બગીઓ જોઈ. મુંબઈમાં મરીન ડ્રાઇવ પર ફરતી ઘોડાગાડીઓ યાદ આવી ગઈ, પણ આશ્ચર્ય એ વાતનું હતું કે અહીં તો સુંદર રંગબેરંગી બગીઓ ચલાવનાર સુંદર યુવતીઓ હતી!

બે મેટ્રો, એક બસ અને પછી કારની સવારી કરી અમે ઘેર પહોંચ્યાં, ત્યારે માલાની દીકરી નમ્રતાએ સ્વાદિષ્ટ ભોજન તૈયાર રાખ્યું હતું! ગરમાગરમ ભોજન કર્યા બાદ અમે નમ્રતાની મીઠડી દીકરી અનાયા સાથે રમ્યાં. ડાહી અને ગમી જાય, વળી બધાંની સાથે હળીમળી જાય! બે દિવસ સાથે રહી પણ એને રડતી તો જોઈ જ નથી. કદાચ દાદા-દાદી અને નાના-નાની સાથે રહેતી હશે એટલે. જોકે અહીંનાં બાળકો આમ પણ ઓછું રડતાં જોવા મળ્યાં.

■

આજે તો જાણે અમારે ન્યુ યૉર્કમાં ગુજરાત માણવાનું હતું! સવારે માલાએ નાસ્તાની વ્યવસ્થા ઘર પાછળના બગીચા (Back-yard)માં કરી હતી. ફાફડા-જલેબી, પાપડી, મરચાં, ચટણી... એકદમ ગુજરાતી નાસ્તો! ન્યુ યૉર્કમાં પણ આવા ગરમાગરમ નાસ્તા મળી રહે છે! શાહી નાસ્તો કરી અમે તેમના ઘરથી ૩ કિ.મી. દૂર આવેલા શ્રીનાથજીના મંદિરે ગયાં. ભાવવિભોર ભક્તો સાથે મળી આરતી કરી. સ્થાનિક ભક્તો અને પૂજારીને મળ્યાં. મંદિરમાં ઊભાં હોઈએ ત્યારે ખ્યાલ પણ ના આવે કે આપણે અમેરિકામાં છીએ! સરસ મઝાનો પ્રસાદ લઈ ઇન્ડિયન રેસ્ટોરાં 'સંતૂર'માં જમવા ગયાં. સરસ સ્વાદિષ્ટ ભોજન જમ્યાં. પરદેશમાં દેશી ખાવાની મઝા કંઈક અલગ જ હોય!

ઘેર આવીને અડધો કલાક આરામ કર્યો, ત્યાં તો સાંજના પ્રોગ્રામનો સમય થઈ ગયો! અમે એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ જોવા નીકળ્યાં. ધીમો ધીમો વરસાદ હતો અને આખું

આકાશ વાદળોથી ઘેરાયેલું હતું. એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ જોવા માટે બહુ સારો દિવસ ન હતો પણ ટિકિટ પહેલેથી જ લઈ રાખી હતી એટલે અમે ગયાં. એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ એટલે ફરી પાછો ભીડવાળો ભરચક વિસ્તાર. કાર પાર્ક કરવાની મુશ્કેલી. જયેન્દ્રભાઈ અમને એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની નજીક ઉતારી ગયા. અહીં પણ લાઇન હતી. અમારી ટિકિટ બતાવી એટલે તરત અમને કહ્યું કે "આજે હવામાન ખરાબ છે અને એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ જોવા માટે આજે યોગ્ય દિવસ નથી. તમે આવતા એક સપ્તાહમાં કોઈ પણ દિવસે આવી એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ જોઈ શકો છો." કેવી સાલસ વૃત્તિ! કેવી ચોખ્ખી વાત! અમે તો બીજે દિવસે નીકળી જવાનાં હતાં એટલે તેમનો આભાર માની ખેદ સાથે આગળ વધ્યાં. ખરાબ હવામાનને લીધે ભીડ થોડી ઓછી હતી.

લીફ્ટમાં ૮૦મા માળે પહોંચ્યાં. દૃષ્ટિમર્યાદા (Visibility) આશરે ૮૦-૧૦૦ ફૂટની હશે. ગૅલરીમાંથી બહાર જોઈએ તો શહેર આખું વાદળોમાં હોય તેવું લાગે. એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની વિગતો દર્શાવતું નાનું પ્રદર્શન જેવું હતું તે જોઈ અને ફોટા પાડી અમે બીજી લીફ્ટથી ૮૬મા માળે પહોંચ્યાં. ફક્ત ૧૫ મિનિટમાં દેખાતું સારું એવું ઘટી ગયું હતું. હવે તો ૨૦ ફૂટ પણ માંડ દેખાતું હતું. સામાન્ય સંજોગોમાં ૩૦ માઈલ દૂર સુધી જોઈ શકાય તેને બદલે ૩૦ ફૂટ દૂર પણ દેખાતું ન હતું! વરસાદ, ઠંડી અને ૮૬ માળની ઊંચાઈ! હું અને રીટા તો રીતસર થથરતાં હતાં. થોડી વાર બંધ કમરામાં ઊભાં ત્યારે બહાર જવાની હિંમત આવી! બારણું ખોલી બહાર ગયાં તો ચોકીદારભાઈ ગમગીન વદન લઈ ઊભા હતા. અમને પૂછ્યુંઃ ક્યાંથી આવો છો? પહેલી વાર આવો છો? રહેવાનાં છો? કાલે અવાય તેમ નથી? અમારા કરતાં તેમના ચહેરા પર વધુ દુઃખ, ગ્લાનિ અને નિરાશા હતાં. આટલી સુંદર ઇમારત અને કાયમનો અદ્‌ભુત માહોલ અમે માણી નથી શક્યાં તેની દિલગીરી તેના ચહેરા પર સ્પષ્ટ વંચાતી હતી. એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ જોવા આવેલા દરેક ટુરિસ્ટને સારામાં સારી સગવડ આપવાની તેની માત્ર ફરજ નહીં પણ તેનો ધર્મ છે એમ તે માનતો હતો અને કુદરતી કારણોને લીધે તે આજે તેની ફરજમાંથી ચૂકી ગયો હતો અને તેણે પોતાનો ધર્મ બજાવ્યો ન હતો તેનું તેને અપાર દુઃખ હતું! ધર્મની કેવી ઉત્કૃષ્ટ વ્યાખ્યા! આપણા દેશના છાશવારે લડી પડતા ધાર્મિક વડાઓ આ કહેવાતા નાના માણસ પાસે કેવા વામણા લાગે!

ઠંડીમાં થથરતાં થથરતાં અને ચોકીદારભાઈની ભાવનાના વખાણ કરતાં કરતાં અમે એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગનો લેવાય તેટલો આનંદ લીધો. નીચે ઊતર્યાં ત્યાં તો જયેન્દ્રભાઈ અમને લેવા આવી પહોંચ્યા હતા. અમે ન્યુ યૉર્ક મેટ્રોના ભવ્ય સ્ટેશનોમાંનું એક એટલે ગ્રાન્ડ સેન્ટ્રલ ટર્મિનલ (Grand Central Terminal) જોવા ગયાં. ૧૯૧૩થી ટ્રેન ટર્મિનલ તરીકે વપરાતું, ઇજનેરી ખજાના જેવું અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું આ સ્ટેશન આજે પણ એના નામ પ્રમાણે ગ્રાન્ડ એટલે કે ભવ્ય લાગે છે. પ્રાચીન સંપત્તિના પ્રતીકરૂપ સોનેરી કલાકૃતિઓ (Golden paintings) સ્ટેશનની ભવ્યતામાં વધારો કરતાં હતાં.